R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 36 DATE: 03-09-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ગોવામાં વેલિંગકરની સંઘમાંથી હકાલપટ્ટી બાદ નવા સંઘની રચના કરાઇ

ગોવામાં ભારતીય જનતા પાર્ટી સાથે થયેલા ઘર્ષણ બાદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા સુભાષ વેલિંગકરની હકાલપટ્ટી કરવામાં આવી હતી.ત્યાર બાદ વેલિંગકરના જુથે નવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી દીધી હતી.વેલિંગકરે તેમના વફાદાર ૪૦૦થી વધુ સ્વયંસેવકોને નવા સંઘમાં જોડી દીધા હતા.જેને નાગપુરના વડામથક સાથે કોઇ લેવાદેવા નથી.સંઘના જે કાર્યકરો સુભાષ સાથે ગયા છે તેમાં જિલ્લા સ્તરના વડા, નાયબ વડા અને શાખાના વડાનો સમાવેશ થાય છે.સુભાષ નવા સંઘના વડા રહેશે.

સંઘે હકાલપટ્ટી કર્યા બાદ વેલિંગકરના સમર્થક સ્વયંસેવકોએ પણજીની એક સ્કુલ પરિસરમાં છ કલાક સુધી મેરેથોન મીટીંગ કરી હતી.ત્યારબાદ આ તમામ સ્વયંસેવકોએ સંઘમાંથી રાજીનામા આપી દીધા હતા.બેઠકમાં સંઘના અનેક વરિષ્ઠ પદાધિકારીઓ પણ હાજર હતા.બેઠકમાં સંઘ અને ભાજપના દિગ્ગજ નેતા નીતિન ગડકરી અને કેન્દ્રી સંરક્ષણ મંત્રી મનોહર પારિકર પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેમણે વેલિગકરને હટાવવામાં અગ્રેસર બન્યા છે.પારિકર અને ગડકરીએ ઉચ્ચ નેતાગીરીને કરેલી ફરિયાદનો આરોપ હતો.

## શિવસેનાના સામનામાં ભાગવતના હિદુંઓએ વધુ સંતાનો પેદા કરવાના નિવેદન સામે આક્રોશ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે એક જુના પ્રસ્તાવને નવેસરથી રજુ કરતાં શિવસેનાનો આક્રોશ છતો થયો હતો.ભાગવત અનુસાર અન્ય ધર્મના લોકો અનેક બાળકોને જન્મ આપી શકે છે પણ હિંદુઓને કોણે રોક્યાછે એવો સવાલ કરી ભાગવતે હિંદુઓને અનેક સંતાનો પેદા કરવાની હાકલ કરી છે.તે સુસ્કૃત હિંદુઓને પચશે નહી તેમ શિવસેનાના મુખપત્ર સામનામાં જણાવાયું છે.

મુસલમાનોની લોકસંખ્યા વધતી જાય છે તે ચિંતાની બાબત છે પણ એટલે હિંદુઓને પણ છોકરાની લાઇન લગાવી દેવી તે વિચાર દેશહિતમાં છે એવું સંઘશિસ્ત ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માન્ય કરશે નહીં. ગૌમાંસ પ્રકરણે વડાપ્રધાન મોદીએ અન્ય હિંદુ સંગઠનો કરતાં અલગ જ ભુમિકા લઇ ગોરક્ષાના નામે ઘણાં લોકોએ ધંધો શરુ કરી દીધો છે એમ કહી તેમને ફટકારતાં શંકરાચાર્ય અને અન્ય સાધુ સંતોએ તેમની ટીકા કરી છે. હિંદુસ્તાનની લોકસંખ્યા સવાસો કરોડ થઇ છે.તેમાં મુસલમાનોનો ફાળો મોટ છે. મુસલમાનોની સંખ્યા અટકાવવામાં નહીં આવે તો હિંદુસ્તાનનું સામાજિક અને સાસ્કૃતિક સંતુલન બગડશે એ ખરુ પણ તેના માટે હિંદુઓએ વધારે સંતાનો પેદા કરવા તે ઉપાય યોગ્ય નથી પણ દેશમાં સમાન નાગરિક કાયદો લાગુ પાડી મુસલમાન સહિત અન્ય ધર્મના લોકોને પણ કુટુબનિયોજન કરવાની ફરજ પાડવી તે જ એક માર્ગ છે.શિવસેના ના જણાવ્યા પ્રમાણે મુસલમાનોમાં બાળકોની સંખ્યા વધારે હોય છે તે પ્રમાણે બેગમોની સંખ્યા પણ વધારે હોય છે.

આજ પ્રમાણે આમ આદમી પાર્ટીના કેજરીવાલે આરએસએસના પ્રમુખ ભાગવતની ટીકા કરતાં કહ્યુ હતું કે હિદુઓએ વધુ બાળકો પેદા કરવા જેવા નિવેદનો બદલ દેશભરમાં ટીકાઓ થઇ રહી છે.જેમાં કોગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે વસ્તી વધારો ધર્મથી નહી પરંતુ ગરીબી સાથે જોડાયેલો છે.તેમ કહીને તેમણે ભાગવતના નિવેદન સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.અરવિંદ કેજરીવાલે કહ્યુ હતું કે ભાગવતજી પહેલા પોતે ૧૦ બાળકો પેદા કરી બતાવે અને તેનો ઉછેર કરી બતાવે.ત્યારે તમને ક્યા કાયદાએ રોકી રાખ્યા છે એવા નિવેદન સામે શિવસેનાએ લખ્યુ હતું કે મોહન ભાગવતે જુના વિચારોને નવા રુપમાં પ્રસ્તુત કર્યા છે.તે સાથે મુસલમાનોની વધતી સંખ્યા ચિંતાજનક છે. પરંતુ હિદુઓએ બાળકોની સંખ્યા વધારવી જોઇએ કે નહી તે વિચાર દેશના હિતમાં નથી.કારણકે જો હિંદુઓ પણ તે રસ્તે ચાલશે તતો તેમને બેરોજગારી,ભુખમરો અને ગરીબીનો સામનો કરવો પડશે.

## અમેરિકાની પ્રમુખપદની ચુંટણીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે વિઝા મુદ્દે એકઝિટ-એન્ટ્રી ટ્રેકિંગ સિસ્ટમ ઉભી કરવાનો નિર્ધાર જાહેર કર્યો : ગેરકાયદે ઇમીગ્રન્ટસને હદપાર કરવાની કાર્યવાહી કરાશે

અમેરિકામાં પ્રમુખપદની આવી રહેલ ચુંટણીમાં રિપબ્લીકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યુ હતું કે ગરકાયદે ઇમિગ્રેશન સમસ્યા અને બેરોજગારીની સમસ્યા અન્યોન્ય સંકળાયેલા હોવાનું કહેતાં પોતે વ્હાઇટ હાઉસમાં સત્તા સંભાળશે તો સત્તા પર આવતાં જ ગેરકાયદે ઇમિગ્રન્ટસને હદપાર કરાશે તે મુજબનો પોતાનો નિર્ણય જાહેર કર્યા હતો.ટ્રમ્પે કહ્યુ હતું કે ઓબામા-ક્લિન્ટન વહીવટીતંત્ર દ્વારા હજારો અપરાધી ગેરકાયદે ઇમિગ્રન્ટસને અમેરિકી સમુદાય વચ્ચે ખુલ્લા મુકી દેવામાં આવ્યા છે.તે સહિત તમામ ગેરકાયદે અપરાધી ઇમિગ્રન્ટસને તેઓ એક એકને વીણીને હદપાર કરશે.

ટ્રમ્પના હરીફ ઉમેદવાર હિલેરી ક્લિન્ટને ઓબામા શાસનની પ્રથમ મુદત દરમિયાન વિદેશપ્રધાન પદે સેવા આપી ચુક્યા છે.૨૦ જાન્યુ.એ નવા અમેરીકી પ્રમુખ સત્તા સંભાળવાના છે.ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતું કે તેઓ સરહદી દિવાલ ચણશે, દેશવ્યાપી ઇ-ચકાસણી વ્યવસ્થાતંત્ર ઊભુ કરશે. ગેરકાયદે ઇમીગ્રન્ટસને મળતા કલ્યાણ યોજનાઓના લાભો અટકાવશે.તેમણે કહ્યુ હતું કે જે લોકો વિઝાની મુદત પુરી થયે પણ રોકાણ કરતાં હોય તેમના વિઝા જપ્ત થાય તે હેતુસર એક્ઝિટ એન્ટ્રી ટ્રેકિંગ સિસ્ટમ ઊભી કરાશે.

રિયાલીટી ટીવી શોમાં વ્હાઇટ બેઝબોલ કેપ ધારણ કરીને બેઠેલા ટ્રમ્પે જણાવ્યુ હતું કે વિઝાની મુદત પુરી થયાનો અમલ ના કરવામાં આવે તો ઓપનબોર્ડર જ રહેવાય.ટ્રમ્પના મતે કાયદાના શાસનને મત આપો એટલે ટ્રમ્પને મત આપવા બરાબર છે. અને હિલેરીને મત આપો તો ઓપન બોર્ડરને મત.તેમણે દલીલ કરી હતી કે આફ્રિકી કે અમેરિકી કે પછી અમેરીકાનો કોઇપણ નાગરિકના ભોગે ગેરકાયદે એક પણ ઇમિગ્રન્ટસ રોજગારી મેળવે તે અમેરિકી નાગરિકોના અધિકારના ભંગ બરોબર છે. ગેરકાયદે ઇમીગ્રન્ટસનો મુદ્દો ઉઠાવીને તેમજ મેકસિકોની સરહદે દિવાલ બનાવવાની યોજના જાહેર કરીને ટ્રમ્પ મોટાભાગ ની પ્રાઇમરી જીતી ચુક્યા છે. જો કે કેટલાક લોકોના મતે આ ઘર્ષણ ઉભુ કરવાનો પ્રયાસ છે. દેશની સાથે સાથે આંતરરાષ્ટ્રીય સમુદાય પર ટ્રમ્પના નિવેદનોથી ચોકી રહ્યો છે.

## વડાપ્રધાન મોદી દ્વારા સૌની યોજના અને ભાષણ માત્ર રાજકીય સ્ટંટ : શંકરસિંહ વાઘેલા વિપક્ષી નેતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌની યોજના થકી રાજકીય વાતો કરીને ગુજરાતની પ્રજાને વાણી વિલાસ વડે છેતરી છે.તેમજ વિકાસના પોકળ દાવાઓ બાબતે તેમણે જણાવ્યુ હતું કે કેન્દ્રમાં અઢી વર્ષ અને ગુજરાતમાં ૨૦ વર્ષના શાસનમાં ક્યાંય વિકાસના વીની અનુભુતિ થતી નથી.ભુતકાળમાં સરસ્વતી યોજનામાં પાણી વહાવીને કરવામાં આવેલા કાર્યક્રમનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યુ હતું કે અત્યારે નદીની શું સ્થિતિ છે તે વડાપ્રધાન અને તેમની સાથે જોડાયેલા સંતો-મહંતોએ તપાસવું જોઇએ.

ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન કરેલા સંબોધન અંગે વાઘેલાએ જણાવ્યુ હતું કે તેમની ગુજરાતની મુલાકાતને રાજકીય આગમન અને સૌરાષ્ટ્રની પ્રજાને છેતરનારુ ગણાવ્યુ છે.તેમના ભાષણમાં આ યોજનાથી છ નદીઓ ને જોડવાની વાત કરાઇ છે.હકીકતમાં આવો સ્ટંટ તેમણે સિધ્ધપુર ખાતે સરસ્વતી નર્મદાના મિલન વખતે કર્યો હતો.જેમાં સાધુ સંતોને ભેગા કરીને સરસ્વતી નદીમાં એક મોટો હોજ બનાવી,નીચે પ્લાસ્ટીક પાથરી તેમાં પાણી ભરેલું અને હોડકા ચલાવ્યા હતા. આવું જ કંઇક આ છ નદીઓના જોડાણ કે મિલનની વાતનું છે. જો નર્મદાના નીર એસ્કેપ દ્વારા નર્મદાની કેનાલમાંથી છ નદીઓમાં પધરાવીને તેને નદીઓનું મિલન કે જોડાણ કહેતા હોય તો તે ભાજપ અને વડાપ્રધાનને મુબારક એમ તેમણે ઉમેર્યું હતું. ઉ.ગુજરાત માટે સુજલામ સુફલામ, સૌરાષ્ટ્ર માટે સૌની યોજના તો કચ્છ માટે કોઇની યોજના તો કરે તેવી ટિપ્પણી વિપક્ષી નેતાએ કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પર્યુષણના પર્વને ધ્યાનમાં લઈને નવ દિવસ માટે કતલખાના બંધ રાખવા માટે તેમજ જાહેરમાં માંસ-મટનના વેચાણ પર પ્રતિબંધ સરકારે જાહેરનામાં દ્વારા ફરમાવ્યો.શરુઆત એક,બે દિવસથી કરી ધીમે ધીમે નવ દિવસ સુધીનો પ્રતિબંધ લાદી દેવાયો.આ પ્રકારના જાહેરનામાં કરવાની કાયદામાં પણ કોઇ જોગવાઇ નથી તેવું હાઇકોર્ટમાં રીટ પીટીશનમાં કહેવાયું હતું.તેથી સરકારનું જાહેરનામું કાયદાની રુએ પણ ટકી શકે એમ નથી.તેથી આ જાહેરનામાને રદ બાતલ ઠેરવવું જોઇએ તેવું કહેવાયું.સરકાર જવાબ રજુ કરવામાં પર્યુષણ પર્વને પતાવી દેશે પછી હવે આ સવાલ રહેતો નથી કહી રીટ પર સફળતાપુર્વક કઢાવી નાંખશે.પરંતુ આ પ્રકારની રાજરમત યોગ્ય નથી. બંધારણે જે જોગવાઇ કરી છે તેનું આદરપુર્વક પાલન કરવું જોઇએ.દેશે સ્વીકારેલ બીનસાંપ્રદાયિક બંધારણ મુજબ દરેકને તેમની ધાર્મિક માન્યતા પાળવાનો અધિકાર છે.તેમજ પોતાની ધાર્મિક માન્યતાઓને અન્યો પર ઠોપી નહીં મુકવાનો પણ આદેશ અપાયેલ છે.જેથી વેજીટેરીયનો પોતાની માન્યતાઓ અન્યો પર ઠોપી તેમના ખાવા પીવાના અધિકારને ઠેસ પહોચાડી શકે નહી.અન્યથા ભવિષ્યમાં એવું પણ બની શકે કે કોઇપણ એક ધર્મના લોકો સત્તા પર ચઢી આવે તો તે ફરજીયાત તેમનો જ ધર્મ પાળવાનું જાહેરનામું બહાર પાડી શકે છે.અથવા તો લોકોએ શું ખાવું તેનુ મેનુ અંગેનું જાહેરનામુ બહાર પાડી શકે છે. દેશમાં મત મેળવવા ધર્મના નામે બધું કરી શકાય તેમ છે શું આને સાચી લોકશાહી કહેવાશે ?

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ગુજરાત સરકાર માંસ ઉપર રેગ્યુલેટેડ કતલખાનાનુ ઉત્પાદન છે તેવો સિક્કો મારશે

ગુજરાત સરકાર ટુંક સમયમાં રાજ્યના ૯ શહેરોમાં રેગ્યુલેટેડ એટલે કે રજીસ્ટર્ડ કતલખાનાઓમાં કપાતા પશુઓના માંસને સ્ટેમ્પીંગ કરી આપશે.વિધાનસભાના એક લેખિત સવાલના જવાબમાં સરકારે આ જાહેરાત કરી હતી.કોગ્રેસના સભ્ય શક્તિસિંહ ગોહિલના સવાલના જવાબમાં ગુજરાત સરકારે પહેલી વાર સ્પષ્ટતા કરી છે.ગુજરાતમાં આવેલા રેગ્યુલેટેડ કતલખાનામાં માંસ ઉપર સ્ટેમ્પીંગ કરવાની સુવિધાઓ ઉપલબ્ધ નથી તેની પાછળના કારણો અને આવી સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરી આપવામાં આવનાર છે તેવા બે સવાલોના જવાબમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લેખિતમાં કહ્યુ હતુ કે સુરત,રાજકોટ મહાનગરપાલિકામાં અને આણંદ, રાણાવાવ, કુતિયાણા, વાંકાનેર, દાહોદ,ભરુચ,સિધ્ધપુર નગર પાલિકાઓમાં આ સુવિધાના સ્થાનિક વહીવટી પ્રશ્નોને કારણે ઉપલબ્ધ નથી. જેમ બને તેમ જલ્દીથી રેગ્યુલેટેડ કતલખાનાઓમાં માંસ ઉપર સ્ટેમ્પીંગ કરી આપવાનું આયોજન છે. અમદાવાદઅને વડોદરા મહા નગરપાલિકાઓ તેમજ વલસાડ નગરપાલિકામાં આવેલા રજીસ્ટર્ડ કતલખાનાઓ દ્વારા ઉત્પાદિત માંસને જ રેગ્યુલેટેડ કતલખાનાનું છે એ મતલબનો વાદળી સિક્કા સાથે સ્ટેમ્પીંગ આવે છે.જ્યારે બાકીના શહેરોમાં સ્ટેમ્પીંગ વગર પ્રાણીઓની ઓળખ વગરજ માંસનું વેચાણ થાય છે.આથી અવારનવાર ગૌમાંસના નામે માનવદમનથી લઇને ખંડણીખોરો અને ગુડાતત્વોનું સમાજજીવન ઉપર અતિક્રમણ વધી રહ્યુ છે.ગુજરાતમાં ૩૮૪થી વધુ કતલખાનાઓ છે જેમાંથી ઘણાખરાનું સંચાલન સરકારે મંજુરી આપેલા અને સ્થાનિક સ્વરાજ સંસ્થા દ્વારા જ થાય છે.

## સુપ્રીમ કોર્ટના આદેશ સામે મહારાષ્ટ્રનવનિર્માણ સેના એ પરંપરાગત હાંડી ફોડવાનો હુંકાર ભણ્યો

જન્માષ્ટમી નિમિત્તે દંહી હાંડી ફોડવાનો એક રિવાજ વરસો વરસથી ચાલ્યો આવે છે.આ બાબતે સુપ્રીમ કોર્ટે માનવ પિરામિડની ઉંચાઇ ૬ મીટરથી વધુ ન રાખવા આદેશ આપ્યો હતો.વધુ મોટો માનવ પિરામીડ બનાવવામાં દર વર્ષે પાંચ થી છ યુવાનોના મોત નિપજે છે.અને કેટલાય ગંભીર રીતે ઈજા પામે છે.બોમ્બે હાઇકોર્ટે પણ આ અગેનો આદેશ આપ્યો હતો જેને સુપ્રીમ કોર્ટે બહાલ રાખ્યો હતો. પરંતુ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ તૈયારી કરી લીધી હતી કે તેઓ પરંપરાગત રીતે આ તહેવારને ઉજવશે.એમએનએસના નેતા નીતિન સરદેસાઇએ પોતાના પક્ષનું વલણ યોગ્ય ઠેરવવા પ્રયાસ કર્યો હતો.ગત વર્ષે પણ હાઇકોર્ટે આ જ રીતનો ઓર્ડર આપ્યો હતો.પણ કેટલા આયોજકો અને મંડળોએ તેનું પાલન કર્યુ તેવો સવાલ સરદેસાઇએ કર્યો હતો.થાણેમાં દંડી હાંડી ફેસ્ટીવલમાં લોકોને ભાગ લેવા માટે આમંત્રણ અપાશે તેવી જાહેરાત તેમણે કરી હતી.કોર્ટે આવી બાબતોમાં પડવું ના જોઇએ તેવી તેમની દલીલ હતી.

જો કે સમાચારો પ્રગટ થયા તે મુજબ સુપ્રીમ કોર્ટની સુચનાનો અમલ કેટલીક જગ્યાઓ પર થયો નથી.તેથી મહારાષ્ટ્ર પોલીસે આ અંગે કેટલાક લોકો સામે કેસ નોધ્યા છે.

## ભારતીય રિઝર્વ બેન્કના નવા ગર્વનર તરીકે ઉર્જિત પટેલની પસંદગી કરવામાં આવી

રિઝર્વ બેન્કના ગર્વનર તરીક રઘુરામ રાજનની મુદત ૩ સપ્ટે.ના રોજ પુરી થાય છે.ગર્વનરની નિમણુંક અને એક્ઝીટ વચ્ચે ૧૫ દિવસથી વધુ લાંબો સમય ના હોવો જોઇએ. જેથી રિઝર્વ બેન્કના કામકાજ અને વિદાય લઇ રહેલા ગર્વનરની કામગીરીમાં હસ્તક્ષેપ ટાળી શકાય. વડાપ્રધાન અને નાણાં પ્રધાનની બેઠકમાં સુબ્રમણ્યિમના નામ ઉપર ગંભીર વિચારણા થઇ હતી.જેનો સુબ્રમણ્યમ સ્વામી ને ભારે અણગમો હતો અને વિરોધ કરતા હતા.આ સિવાય અન્ય નામો પણ ચર્ચાયા હતા. પરંતુ આખરે મોદીની પસંદગી ઉર્જિત પટેલ હતી તેના કારણે તેમની પસંદગી કરવામાં આવી હતી.ઉર્જિત પટેલ યેલ યુની.ના ઇકોનોમિક્સના પી.એચડી તેમજ ઓક્સફર્ડ,આઇએમએફ,બોસ્ટન કન્સલ્ટિંગમાં કામગીરી) ઉપરાતં તેમનો શાંત, સ્થિર અભિગમ,અને પબ્લિક પોલીસીમાં લાંબો અનુભવ કહી શકાય.આ ઉપરાંત વડાપ્રધાનને આરબીઆઇના ગર્વનર તરીકે એવી વ્યક્તિની જરુર હતી કે તે સંતુલિત હોય,સ્થાનિક અને વૈશ્વિક નાણાકીય વર્તુળોના ખાસ લોકોને પ્રભાવિત કરવાનો પ્રયાસ ન કરે એવી વ્યક્તિને મોદી ટાળવા માંગતા હતા.

પોતાના સ્પષ્ટ અભિપ્રાયથી ભુતકાળમાં સરકારની ઈમેજ બગડી છે.તેમજ સ્વામી જેવા સાંસદોને કારણે વારંવાર ટીકાઓથી ગર્વનરની કક્ષા અને સરકાર બેઉની પ્રતિષ્ઠાને હાનિ પહોચી છે તે ન થાય માટે સરકારની આકાંક્ષાઓને પહોચી તેવી માંગ હતી.

## ગરીબ ગણાતો દેશ હવે સૌથી ધનવાન દેશોની યાદીમાં સાતમા ક્રમે

ભારત દેશની એક સમયે ગરીબ દેશ તરીકે ગણના થતી હતી.હવે વ્યક્તિગત સંપત્તીના મામલે સૌથી ધનવાન દેશોની યાદીમાં ભારત સાતમા ક્રમે પહોચી ગયું છે.ન્યુ વર્લ્ડ વેલ્થના અહેવાલ મુજબ ભારતની કુલ વ્યક્તિગત સંપત્તિ ૫૬૦૦ અબજ ડોલર આંકવામાં આવી છે.જે કેનેડા(૪૭૦૦ અબજ ડોલર) અને ઓસ્ટ્રેલીયા(૪૫૦૦ અબજ ડોલર) અને ઈટાલી(૪૪૦૦ અબજ ડોલર) કરતાં પણ વધુ આંકવામાં આવી છે.અમેરિકા સૌથી ધનવાન દેશોની યાદીમાં ટોચના સ્થાને છે.આ ત્રણ દેશો અનુક્રમે ૮મા,૯માં અને ૧૦માં ક્રમ ઉપર છે.

અમેરિકા વિશ્વનું સૌથી ધનવાલ રાષ્ટ્ છે.તેની કુલ વ્યક્તિગત સંપત્તિ ૪૮૯૦૦ અબજ ડોલર છે. ચીન ૧૭૪૦૦ અબજ ડોલર અને જાપાન ૧૫૧૦૦ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા ક્રમે છે.યુનાઇટેડ કિંગ્ડમ ૯૨૦૦ અબજ ડોલરની સંપત્તિથી ચોથા ક્રમ છે જ્યારે જર્મની ૯૧૦૦ અબજ ડોલરની સંપત્તિ સાથે પાંચમાં ક્રમે છે.ફ્રાંસ ૬૬૦૦ અબજ ડોલરની સંપત્તિ સાથે છઠ્ઠા ક્રમે છે.

વ્યક્તિગત સંપત્તિ એટલે વ્યક્તિની નેટ એસેટ્સ-સંપત્તિ,જેમાં મકાન,રોકડ, ઇક્વિટી,બિઝનેસ,હિત વગેરે તમામ સંપત્તિનો સમાવેશ થાય છે.તેમાંથી તેની ચુકવવાપાત્ર રકમ-દેવું બાદ કરવામાં આવે એટલે તેની નેટ સંપત્તિ. ભારતની વસતી વધારે હોવાને કારણે તેનો આ યાદીમાં સમાવેશ થયો છે. ઓસ્ટ્રેલીયાએ તેનું રેન્કીંગ સુધાર્યુ છે. કારણકે તેની માત્ર ૨.૨ કરોડની જ વસ્તી છે.

આપણી આંખની કીકીનું વજન એક ઔંસ હોય છે.

લાર્ડલ રોડ ટનલ જે નોર્વેમાં આવેલી છે તે વિશ્વની સૌથી લાંબી રોડ ટનલ તરીકે ઓળખાય છે.આ ટનલમાંથી મુસાફરી કરવી એ વિશ્વની શ્રેષ્ઠ મુસાફરી ગણવામાં આવે છે.

## રિલાયન્સે તેની મહત્વકાંક્ષી ટેલિકોમ સર્વીસની જાહેરાત કરી

રિલાયન્સે તેની મહત્વકાંક્ષી જીઓ ટેલીકોમ સર્વીસની જાહેરાત કરી હતી.તેમની આ જાહેરાતથી ટેલીકોમ ઈન્ડસ્ટ્રીઝમાં ખળભળાટ મચી ગયો હતો.રિલાયન્સ જિયોના ગ્રાહકો માટે ફ્રી વોઇસ કોલિંગ તથા ફ્રી નેશનલ રોમીંગ ઉપરાંત સાવ સસ્તા દરે મોબાઈલ ડેટા ઉપલબ્ધ બનાવવાની ઘોષણા કરી હતી.જેને પગલે ટોચની ટેલિકોમ કંપનીઓના શેરોના ભાવોમાં કડાકો બોલાયો હતો.જીઓ એપ્લીકેશનના સંપુર્ણ માળખાનો લાભ તમામ ગ્રાહકો ૩૧ ડિસેમ્બર,૨૦૧૬ સુધી તદન નિઃશુલ્ક લઈ શકશે.

કંપનીના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની ૪૨મી એજીએમમાં પ્રથમ દોઢ કલાક માત્ર જીઓની જાહેરાત પાછળ વાપર્યો હતો.દેશમાં તમામ વ્યક્તિઓને ફિકાયતી દરે ડેટા ઉપલબ્ધ બનાવવાની પ્રતિબધ્ધતા બતાવી હતી

## પાસપોર્ટમાં પિતાનું નામ્ દર્શાવવું જરુરી નથી : દિલ્હી હાઇકોર્ટ

પાસપોર્ટ સત્તાવાળાઓ ટ્રાવેલ ડોક્યુમેન્ટમાં અરજદારના પિતાના નામનો ઉલ્લેખ કરવા પર ભાર ન આપી શકે તેમ દિલ્હી હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ છે. હાઈકોર્ટ અગાઉ જારી કરેલા એક ચુકાદાનો ઉલ્લેખ કરતાં કહ્યુ કે કાયદાકીય રીતે પિતાના નામનો આગ્રહ રાખી શકાય નહી.કોર્ટે માત્ર ત્રણ દિવસમાં અરજી કરનારને પાસપોર્ટ જારી કરવાની સુચના આપી હતી.પાસપોર્ટ વિભાગે પિતાના નામ વગર પાસપોર્ટ રિન્યુ કરવાની અરજી નકારી કાઢી હતી.કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી થઈ શકે છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


## ગુજરાત સરકારના આર્થિક રીતે પછાત ને અનામત આપવા સામે સુપ્રીમે હાઇકોર્ટનો આદેશ યથાવત રાખ્યો

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારના પાટીદાર સહિતના આર્થિક રીતે પછાત વર્ગના લોકોને ૧૦ ટકા અનામત આપવાના નિર્ણય પર ગુજરાત હાઇકોર્ટે આપેલા મનાઇહુકમને યથાવત રાખ્યો હતો.ગુજરાત સરકારે તેના વટહુકમને ૨૬ કરતાં હાઇકોર્ટના ચોથી ઓગષ્ટના રોજ આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.જે અંગે ની સુનાવણીમાં ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુર અને જસ્ટીસ એ.એમ.ખાનવીલકર તથા જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે કહ્યુહતું કે આ મામલો ૨૯ ઓગષ્ટે વધુ સુનાવણી કરશે.નવો આદેશ ન થાય ત્યાં સુધી શૈક્ષણિક સ્તર પર ઈબીસી સંદર્ભે કોઇ એડમીશન નહીં થાય.

## ગુજરાતમાં થયેલ પત્રકારની હત્યાને યુનેસ્કોએ વખોડી

યુનેસ્કોએ ગુજરાતના પ્રાદેશિક અખબારના બ્યુરો ચીફની હત્યાને વખોડી કાઢી હતી.યુનેસ્કોના વડા ઈરિના બોકોવાએ કહ્યુ હતું કે હું કિશોર દવે ગુજરાતના જુનાગઢના જયહિંદ અખબારના બ્યુરો ચીફ હતા. તેમની હત્યાના સંદર્ભમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.તેઓની ૨૨ ઓગષ્ટે છરીમારીને હત્યા કરવામાં આવી હતી.પૈસાની લેતીદેતીનો મામલો હતો તેવું પોલીસ સુત્રોના રીપોર્ટમાં જણાવાયું હતું.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## કેન્દ્ર સરકારે રાજ્યોને ગૌરક્ષા નામે આચરાતી હિંસા સામે કડક હાથે કામ લેવાનો નિર્દેશ આપ્યો

ગૌરક્ષાના મામલે દેશભરમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને નિર્દેશ આૅપ્યો છે કે તેઓ ગૌરક્ષના નામે હિંસા આચરનારા લોકોને જરાપણ સાંખી ન લે અને આ પ્રકારે કાયદાનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. ગૃહમંત્રાલય દ્વારા જે નિર્દેશો જારી કરાયા તે વડાપ્રધાન મોદીએ કહેલી નકલી ગૌરક્ષકોની વાતના બે દિવસ પછી અપાય । છે.વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે સમાજમાં નકલી ગૌરક્ષકો સમાજમાં ભાગલા પડાવવાનું કામ કરે છે.અને દેશ અને રાજ્યોને આવા લોકોને સજા આપે એવું આહ્વાન કર્યુ હતું.

આ નિર્દેશમાં જણાવાયુ હતું કે ભારતીય સંસ્કૃત્તિમાં અને ઈતિહાસમાં ઢોર ઢાંખરને ઘણુ ખાસ અને સન્માનીય સ્થાન મળેલું છે. ખુદ રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ કહ્યુ હતું કે ગૌરક્ષા એટલે મારે મન માત્ર ગાયોની રક્ષા નથી.પણ વિશ્વમાં અસહાય અને નબળા જીવોના રક્ષણની વાત છે.પરંતુ તેનો અર્થ એ નથી કે કોઇ વ્યક્તિ કે જુથ ગૌરક્ષાના નામે પશુઓને બચાવવા માટે કાયદો હાથમાં લે અને હિંસા આચરે. આ નિર્દેશમાં જણાવાયું છે કે હાલમાં જ કેટલાક બનાવો બન્યા કે કેટલાક લોકો કે જુથોએ ગૌરક્ષાના નામે કાયદો પોતાના હાથમાં લીધો હતો.જે કોઇપણ સ્વીકાર્ય સ્થિતિ નથી.આથી રાજ્યોએ આ મામલે એ સુનિશ્ચિત કરવું જોઇએ કે કોઇ વ્યક્તિ કે જે ગૌરક્ષાના નામે કાયદો હાથમાં લે અને હિંસા આચરે તો એવી ઘટના જરાપણ સાંખી ન લેવી જોઇએ. કેન્દ્રના આ નિર્દેશો પ્રમાણે કોઇપણ સંજોગોમાં કોઇ વ્યક્તિ ગૌરક્ષાના નામે કોઇપણ કાયદાનો ભંગ કરી શકે નહીં અને તેનુ ઉલ્લંઘન કરનારા લોકોને ન્યાયના પરિઘમાં લાવીને શક્ય એટલી આકરી સજા કરવી જોઇએ. હાલમાં જ ઉત્તરપ્રદેશ,ગુજરાત અને મધ્યપ્રદેશમાં ગૌરક્ષાના નામે દલિત અને મુસ્લીમો વિરુધ્ધ હિંસા આચરવામાં આવી હતી.

## કાશ્મીરમાં થઇ રહેલા દમન માટે ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કો-ઓપરેશને ચિંતા વ્યક્ત કરી

ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશને જે ૫૭ મુસ્લીમ દેશોનું બનેલું સંગઠન છે.તેમણે કાશ્મીરમાં થઈ રહેલા માનવ અધિકાર ભંગ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યુ હતું કે આ મામલો ભારતનો નથી. મુસ્લીમ દેશોના આ સંગઠને માનવ અધિકારના મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં તેના મહામંત્રી ઈયાદ મદનીએ કહ્યુ હતું કે આતરરાષ્ટ્રીય સમુદાયે ભારતના પ્રશાસન હેઠળના કાશ્મીરમાં થઈ રહેલા દમન સામે અવાજ ઉઠાવવો જોઇએ. ભારતના કઠોર વલણ સામે ખુબ મંદ અવાજ બહાર આવી રહ્યો છે.

મદનીએ પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશ બાબતોના સલાહકાર સરતાજ અઝીઝ સાથે યોજેલી પત્રકાર પરિષદમાં કહ્યુ હતું કે કાશ્મીરની સ્થિતિ ઉત્તરોત્તર કથળી રહી છે.પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો સયુંક્ત રાષ્ટ્રમાં ઉઠાવવામાં સફળતા ના મળતાં તેમણે આ મુદો આરબ લીગમાં ઉઠાવ્યો હતો.પાકિસ્તાન આ મુદ્દે મુસ્લીમ દેશોનું સમર્થન મેળવવા આતુર છે.

જો ભારત તરફથી તેના પ્રત્યાઘાત સ્વરુપે ગૃહમંત્રી રાજનાથસિંહે પાકિસ્તાનને કાશ્મીરમાં અસ્થિરતા ઉભા કરવાથી દુર રહેવા ચેતવણી આપતાં કહ્યુ હતું કે પાકિસ્તાન ભારતના ધૈર્યની કસોટી ના કરે. નહિંતર કિંમત ચુકવવી પડશે તેમણે કહ્યુ હતું કે પાડોશી એ વાત સમજી લેકે ભારતનો મુસલમાન દેશી સુરક્ષા માટે પોતાના રક્તનુ આખરી ટીપુ પણ વહાવી દેશે.

જો કે દેશમાં કાશ્મીરની પરિસ્થિતિ અંગે વિપક્ષોએ ભેગા મળીને રાષ્ટ્રપતિને પરિસ્થિતિ અંગેનો એક અહેવાલ આપીને તેમની દખલગીરીની માંગ કરી હતી.આ ઉપરાંત વડાપ્રધાનની પાસે સંસદમાં કાશ્મીરના મુદ્દે નિવેદનની માંગણી પણ કરી હતી. જો કે વડાપ્રધાને આ બાબતે કશું કહ્યુ નથી.

## ગાંધીજીની હત્યામાં સંઘની ભુમિકા નથી : રાહુલ ગાંધીનો કોર્ટમાં જવાબ

રાહુલ ગાંધીના ધારાશાસ્ત્રીએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે રાહુલે સંઘ પર આક્ષેપ નથી કરક્યા પણ મહાત્મા ગાંધીની હત્યા સાથે સંકળાયેલા લોકો તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.આમ વિવાદાસ્પદ નિવેદનને મુદ્દે અનુકુળતા મુજબ પીછેહટ કરીને પોતાને બચાવની ભુમિકામાં આવી ગયા છે.હવે પ્રાથમિક સમીક્ષા જોતાં એવી અટકળો થઈ રહી છે કે કોર્ટ આ કેસને પડતો મુકશે.

પરંતુ કોર્ટમાં વકીલે રજુ કરેલા જવાબ કરતાં જુદો જ પ્રતિભાવ રાહુલ ગાંધીએ જાહેર સભામાં આપ્યો હતો. તેમણે કહ્યુ હતું કે મે જે કહ્યુ છે તેને હું વળગી રહું છુ. તેથી હવે કોર્ટમાં કેસ ઉપર વધુ દલીલો અને ચર્ચાઓ ચાલશે કારણકે રાહુલ ગાંધીએ પીછેહઠ કરી નથી પરંતુ લડી લેવાની તૈયારી કરી છે.

# ભારતીય સબમરીનની યુધ્ધ ક્ષમતાની માહિતી લીક થઇ જતાં દેશના સલામતી તંત્રમાં છીડાનો પુરાવો બહાર આવ્યો

ભારતીય નેવી દ્વારા સ્કોપ્રીયન ક્લાસની છ સબમરીન મઝગાંવ ડોક ખાતે બનાવવામાં આવી રહી છે.ફ્રાંસની કંપની સાથેના સહયોગમાં મુંબઈના મઝગાંવ ડોકમાં ભારતીય નેવી માટે આ સબમરીનો તૈયાર કરવામાં આવી રહી છે.જે પૈકીની છ અત્યાધુનિક સબમરિન્સની ક્ષમતાઓ અંગે ની ટોચની ગુપ્ત માહિતી ધરાવતા ૨૨૦૦૦ થી વધુ પાના લીક થઈ જતાં ખળભળાટ મચી ગયો છે.ફ્રાંસની કંપની ડીસીએનએસ દ્વારા૩.૫ અબજ ડોલરના ખર્ચે આ સબમરીન બનાવવામાં આવી રહી છે.તેની લડાઈની ક્ષમતા અંગેની સંપુર્ણ વિગતો ઓસ્ટ્રેલીયાના એક અખબાર 'ધ ઓસ્ટ્રેલિયન' એ તેની વેબસાઈટ પર મુકી દીધી છે.આ વિગતોમાં સબમરિનની લડવાની ક્ષમતા વિશેના ઉલ્લેખો પણ છે.

સબમરીનના ડેટા લીક થવા એ ગંભીર બાબત છે.પણ સ્કોર્પિયન પ્રોજેક્ટ યથાવત ચાલુ રહેશે તેમ મઝગાવ ડોકના ચેરમેને જણાવ્યુ હતું.ભારતનો પ્રોજેક્ટ ટ્રેક પર છે અને રહેશે.લીક થયેલા ડેટાની સત્યતા તપાસાશે.

જો કે રિએર એડમિરલે કહ્યુ હતું કે અમારા યાર્ડમાંથી ડેટા લીક થયા નથી.લીક થયેલા ડેટા ડમી પણ હોઈ શકે છે.ડોકમાંથી પહેલી સબમરીન૨૦૧૭માં સોપી દેવાશે.બાકીની ૨૦૨૦ સુધીમાં તૈયાર કરાશે.

સબમરિન પ્રોજેક્ટ લીક થવાને કૌભાંડ ગણાવતા કોગ્રેસે સંરક્ષણ મંત્રાલયનુ સુપ્રીમ કોર્ટના એક હાલના જજ દ્વારા સંપુર્ણ સિક્યોરીટી ઓડિટની માંગણી કરી હતી.તેણે સંરક્ષણ મંત્રી મનોહર પારીકર પર આક્ષેપ કર્યો હતો કે આ ઘટનામાં ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે.

કોગ્રેસ પક્ષના પ્રવક્તા રણદીવ સુરજેવાલાએ કહ્યુ હતું કે ઓડીટ તપાસ પંચના સ્વરુપમાં હોઈ શકે અને તેમાં વડાપ્રધાન નરેદ્ર મોદી અને સંરક્ષણ મંત્રી મનોહરપારિકર સહિતની રાજકીય જવાબદારી નક્કી થવી જોઈએ. આ લીંકથી ભારતની દરિયાઈ સલામતી સામે સવાલ ઉભો થયો છે.

જો કે સંરક્ષણ મંત્રી પારિકરે જણાવ્યુ હતું ક જેવી મને આ ઘટનાની જાણ થઈ કે તરતજ નેવી ચીફને તપાસ કરવાના આદેશો આપી દેવાયા હતા.આ હેકિંગ કેસ પણ હોઈ શકે છે.

# સંઘ પ્રમુખે હિંદુઓને પડકારજનક કાર્યક્રમ આપ્યો : વધુ બાળકો પેદા કરો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે હિંદુઓને તેમના બાળકોની સંખ્યા વધારવાનો અનુરોધ કર્યો છે. ભાગવતે કહ્યુ હતું કે જો ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવું હશે તો હિંદુઓએ વધુ બાળકોને જન્મ આપવો પડશે. કોઈ કાયદામાં હિંદુઓને ઓછા બાળકોને જન્મ આપવાનું કહયું નથી. તેમણે મુસ્લીમોની વધતી જતી વસતી અંગે ચિંતા દર્શાવી હતી.આગરાના એક કાર્યક્રમમાં તેઓ પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા ત્યારે તેમણે હિંદુઓને બાળકોની સંખ્યા વધારવા હાકલ કરી હતી.

યુપીના અલગ અલગ જિલ્લાઓમાંથી આવેલા શિક્ષકોને સંબોધતાં ભાગવતે કહ્યુ હતું કે જો દેશનો વિકાસ કરવો હશે તો જીડીપીની ૫૦ ટકા રકમનો ઉપયોગ શિક્ષણ માટે કરવો પડશે. લોકોને શિક્ષણ મળશે તો જ લોકોનું ભવિષ્ય બનશે.દેશમાં વ્યવસ્થામાં બદલાવ લાવવો પડશે.દેશનું હિત જાળવવા શિક્ષકોએ લાંબી તપસ્યા કરવી પડશે. શિક્ષકોના પ્રયાસથી જ કાયમી પરિવર્તન લાવી શકાશે.સરકાર બદલવાથી આમાં કોઈ ફરક પડશે નહીં.કાયક્રમાં એક શિક્ષકે પ્રશ્ન પુછ્યો હતો કે સરકાર શિક્ષકોના કલ્યાણ માટે શું કરી રહી છે ?ત્યારે ભાગવત ગુસ્સે ભરાયા હતા અને કહ્યુ હતું કે હું તમારી સમસ્યાના ઉકેલ માટે કશું કરી શકું નહી કારણકે હું ભાજપનો દુત નથી. આ માટે તમારે માનવસંશાધન મંત્રી જાવડેકરનો સંપર્ક કરવો પડે.હિંદુઓ સંતાનોની સંખ્યા વધારે તેવા સંઘ પ્રમુખના નિવેદનની ટીકા કરતાં કોગ્રેસના યુપીના પ્રભારી ગુલામનબી આઝાદે કહ્યુ કે ભાગવત હંમેશા દેશના ભાગલા પડાવવાનું જ વિચારે છે.તેઓ કાયમ ધર્મને લગતી જ વાતો કરે છે. સુતા,જાગતા,જમતા તેઓ દેશના ભાગલા પડે તેવા વિચારો રજુ કરે છે .તેઓ દેશનો વિકાસ રસ્તા,વીજળી જેવી વાતો કરતાં હોય તો વધારે સારુ ગણાય.

જો કે સંઘ પ્રમુખ ભાગવતે હિંદુઓની વસ્તી વધારવાની પ્રેરણા આપી તેની પાછળનું તેમનુ ગણિત દેશમાં હિંદુઓની વસતી ઘટી રહી હોય તે કારણ છે.હાલના સામાજિક વાતાવરણને કારણે આવુ થયું હશે.કોગ્રેસે તો તેમની પર આકરા પ્રહારો કરતાં કહ્યુ કે તેમની પાસે બીજુ શું અપેક્ષા રાખી શકાય.

ભાગવતે કહ્યુ કે ક્યો કાયદો કહે છે કે હિંદુઓની વસતી ન વધવી જોઈએ. અન્ય ધર્મના લોકોની વસતી વધી રહી છે.ત્યારે હિંદુઓની વસતી વધારો કરતાં કઈ બાબત અટકાવે છે.આ મુદ્દો સિસ્ટમ સબંધિત નથી.હાલમાં સામાજિક વાતાવરણ આવુ હોવાથી સ્થિતિ આવી છે.એક સમારોહમાં ૨૦૦૦ યુવા દંપતિઓને સંબોધતાં ભાગવતે તેમને પરિવારના મુલ્યો માટે અને બાળકોમાં દેશભક્તિની ભાવના જન્મે તેવા પ્રયાસો હાથ ધરવાની દિશામાં કામ કરવાની અપીલ કરી હતી.

માયાવતીએ સંઘ પ્રમુખના નિવેદનની ટીકા કરતાં કહ્યુ હતું કે આરએસએસના વડા હિંદુઓને બેથી વધુ સંતાનો પેદા કરવાનું કહે છે હુ તેમને કહેવા માંગુ છું કે તેઓ સૌ પ્રથમ નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારને કહે કે આ સંતાનોને ખવડાવવાની તેઓ વ્યવસ્થા કરી આપે.માયાવતીએ ઉત્તરપ્રદેશની જનતાને અપીલ કરીને કહ્યુ કે આરએસએસ અને ભાજપના કોમવાદી ષડયંત્ર સામે જનતા સાવધ રહે.ભાજપ લવજેહાદ અને ગૌહત્યા જેવા મુદ્દાઓ ચગાવી રહી છે.માયાવતીએ મોદી સરકારે આપેલા વચનો પુરા કર્યા નથી તેથી તેમાં વિશ્વાસ કરવો જોઈએ નહી.

વિવિધ પક્ષોના નેતાઓએ સંઘના પ્રમુખના ટીકા કરી હતી. શિવસેનાએ તો આકરી ટીકા કરતાં કહયુ હતું કે વધુ સંતાનોનો વિચાર કરતાં પહેલા સંઘ બહુ પત્નિત્વ વિશે વિચારે કારણકે વધુ સંતાનો વાળા પરિવારો પાસે બહુ પત્નિત્વ નો સહકાર પ્રાપ્ત થયેલો છે.

સંઘ પ્રમુખની ટીકા કરતાં કેટલાક વિરોધીઓએ સંઘના કાર્યકરોના કુટુંબો વસાવી તેમની પાસે વસતી વધારાવાની પણ સલાહ આપી હતી.સંઘના કાર્યકરો આ કાર્ય કરશે તો સંઘ પ્રમુખથી ઈચ્છા ફળીભુત થઈ જશે અને સમસ્યાનો ઉકેલ આવશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# કેન્દ્ર સરકારે દેશમાં શરણાર્થીઓની સહાય માટે આધારકાર્ડ,પેનકાર્ડ અને બેક એકાઉન્ટની સુવિધાઓ માટે મંજુરી આપી

કેન્દ્ર સરકારે પાડોશી દેશથી આવેલા શરણાર્થીઓને સહાય આપવા માટે લાંબા ગાળાના વિઝા અંતગર્ત ભારતમાં રહેનારા લઘુમતીી સમુદાયના લોકો માટે વધારાની સુવિધાઓ આપવા મંજુરી આપી છે. આ મંજુરી બાદ હવે પાકિસ્તાન,અફધાનિસ્તાન, અને બાંગલાદેશના લઘુમતી સમુદાયના લોકો રોજગાર માટે ડ્રાઈવીંગ લાયસંસ,આધારકાર્ડ બનાવી શકશે.તેમજ બેકમાં પોતાના એકાઉન્ટ ખોલાવી શકશે. આ ઉપરાતં દેશમાં ધંધાર્થે રહેતા લોકો પોતાના પાનકાર્ડ પણ બનાવી શકશે.

ગૃહ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકારે પાકિસ્તાન,અફધાનિસ્તાન અને બાંગલાદેશના લઘુમતી સમુદાયના વ્યક્તિઓ માટે છેલ્લા બે વર્ષમાં કેટલીક સુવિધાનો વધારો કર્યો છે.ભારતમાં લાંબા ગાળાના વિઝા પર રહેતા વિદેશી હિંદુ,શીખ,બૌધ્ધ, જૈન,પારસી અને ઈસાઈના સર્ટી.ના સ્થાને સોગંદનામુ દાખલ કરવાની સુવિધાઓ આપવામાં આવી છે.આ સુવિધાઓ પહેલા બે વર્ષની હતી જેને વધારીને પાંચ વર્ષની કરવામાં આવી છે.

બેક એકાઉન્ટ ખોલવાની મંજુરી, પોતાના માટે સંપત્તિ ખરીદવી, રોજગાર શરુ કરવા માટે યોગ્ય જગ્યા, સ્વરોજગાર કરવાની મંજુરી, ડ્રાઈવીંગ લાયસંસ, પાનકાર્ડ અને આધારકાર્ડની મંજુરી રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવ-જા કરવાની મંજુરી, એક રાજયમાંથી બીજા રાજયમાં એલટીવી પેપર્સ ટ્રાન્સફરની મંજુરી, શોર્ટ ટર્મ વિઝા,એલટીવી એક્સટેન્શન ન કરાવતા દંડ ૩૦,૧૩૦, અને ૨૩૦ ડોલરથી ઘટાડીને ૧૦૦,૨૦૦ અને ૫૦૦ રુપીયા કરાશે.ભારત સરકારના આ નિર્ણયથી પાકિસ્તાન, અફધાનિસ્તાન અને બાંગલાદેશના લઘુમતી કહેવાતા હિંદુ,શીખ,બૌધ્ધ,જૈન,પારસી વગેરે જાતિઓને રાહત મળશે. ભારતમાં શરણ લેનારા આવા લોકો હવે સુવિધાઓ મેળવી શકશે.

# જાહેર જીવનમાં પડેલા લોકોએ ટીકા સહન કરતાં શીખવું જોઇએ અને સત્તાનો દુરપયોગ ન કરાય : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે જાહેર જીવનમાં પડેલા રાજકારણીઓને ચેતવણી આપતાં કહ્યુ હતું કે તેમણે તેમની સત્તાનો ઉપયોગ ટીકા કરનારાઓની સામે કરવો જોઈએ નહીં.કોઈપણ ટીકા માનહાનિનો દાવો દાખલ કરવાનો આધાર હોઈ શકે નહીં.તેમ જાહેર કરીને સુપ્રીમ કોર્ટે તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાને નોટીસ પાઠવી હતી.ન્યાયાધીશ દિપક મિશ્રા અને સી.નાગપ્પનની બનેલી બેન્ચે કહયું કે જે લોકો સાર્વજનિક જીવનમાં છે તેમણે સરકારી નીતિઓની ટીકા સહન કરવાની તૈયારી રાખવી જોઈએ.આવા કેસોમાં માનહાનિનો ખટલો ચલાવાય નહીં.લાકતાંત્રિક પ્રક્રિયા સાથે આ બાબત અનુરુપ નથી એમ કોર્ટે તેના નિરિક્ષણમાં નોધ્યું હતું.કોર્ટે કહ્યુ કે જાહેર જીવનમાં પડેલા લોકોએ ટીકાનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ.વિજયકાંતે જયલલિતા અને તેમની નીતિઓની આલોચના કરતાં તામિલનાડુ સરકારે તેમની સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.આ દરમિયાન કોર્ટમાં એવી માહિતી પણ આપવામાં આવી હતી કે જયલલિતા સરકાર અત્યાર સુધીમાં તેમની અને તેમની સરકારની ટીકા કરનારાઓની સામે માનહાનિના ૧૩૩ કેસ કરી ચુકી છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.